**રાજ્યસરકારના વર્ગ-3 અને વર્ગ-4 ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂકોનો ફિક્સ પગાર સુધારવા અંગે**

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, ઠરાવક્રમાંક : ખરચ/2002/57-(પાર્ટ-2)/ઝ-1,
સચિવાલય, ગાંધીનગર, તા. 06-10-2011

*સંદર્ભ : (1) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : ખરચ/2002/57/ઝ-1, તા. 16-02-2006.*

*(2) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : ખરચ/2002/57/ઝ-1, તા. 01-08-2006.*

*(3) સામાન્ય વહીવટ વિભાગનો ઠરાવક્રમાંક : સીઆરઆર/112008/433/717/ગ-5, તા. 04-06-2009.*

*(4) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : ખરચ/2002/57/ઝ-1, તા. 29-04-2010.*

**આમુખઃ-**

સંદર્ભ (1) અને (2) માં દર્શાવેલ નાણાં વિભાગના તા. 16-02-2006 અને તા. 01-08-2006 ના ઠરાવોથી રાજ્ય સરકારની કચેરીઓમાં વર્ગ-3 અને વર્ગ-4ના તમામ સંવર્ગોમાં રાજ્ય સરકારની રકસરની નીતિના ભાગરૂપે 5 (પાંચ) વર્ષ માટે ફિક્સ પગારથી સીધી ભરતીથી નિમણૂકો કરવાની નીતિ અમલમાં મૂકવામાં આવેલ છે. આ ઠરાવો સંદર્ભમાં સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ (3) માં દર્શાવેલ તા. 04-06-2009ના ઠરાવથી કરાર આધારિત ફિક્સ પગારથી નિમણૂક બાબતની શરતો અને બોલીઓ નિયત કરવામાં આવેલ છે. સંદર્ભ (4)ના તા. 29-04-2010ના ઠરાવથી સંદર્ભ (1)ના ઠરાવથી નિયત કરવામાં આવેલ ફિક્સ પગારના દરોમાં સુધારો કરવામાં આવેલ છે.

ઉક્ત ઠરાવો અન્વયે નિયત કરવામાં આવેલ ફિક્સ પગારમાં સુધારો કરવા બાબતે રાજ્ય સરકારને વ્યક્તિગત તેમજ કર્મચારી સંગઠનો તરફથી રજૂઆતો મળેલ છે. જેને ધ્યાનમાં લેતાં, સંદર્ભ (4) થી નિયત કરેલ ફિક્સ પગારની રકમ સુધારવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

રાજ્ય સરકારે કાળજીપૂર્વકની વિચારણાને અંતે સંદર્ભ (4)ના ઠરાવથી માસિક ફિક્સ પગારના નક્કી કરેલા દરમાં નીચેના પત્રકમાં દર્શાવ્યા મુજબ વધારો કરવા નિર્ણય કરેલ છે :

**પત્રક**

| *અ.નં.* | *હાલનો ફિક્સ પગાર (રૂપિયા) તા. 29-04-2010ના ઠરાવ મુજબ* | *સુધાર્યા મુજબનો ફિક્સ પગાર (રૂપિયા)* |
|---|---|---|
| *1* | *2* | *3* |
| 01 | 3,500 | 4,500 |
| 02 | 4,500 | 5,300 |
| 03 | 5,000 | 9,400 |
| 04 | 6,000 | 10,000 |

આ સુધારેલ ફિક્સ પગારનો અમલ તા. 01-10-2011 થી કરવાનો રહેશે. રાજ્ય સરકારમાં હવે પછી ફિક્સ પગારની તા. 16-02-2006 ના ઠરાવ અન્વયેની નીતિ અનુસાર સીધી ભરતીથી થતી નિમણૂકોમાં પણ આ ઠરાવથી સુધાર્યા મુજબનો ફિક્સ પગાર ચુકવવાનો રહેશે.

નાણા વિભાગના સંદર્ભ (1) અને (2) માં દર્શાવેલ અનુક્રમે તા. 16-02-2006 અને તા. 01-08-2006 ના ઠરાવોમાં તેમજ સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ (3) માં દર્શાવેલ તા. 04-06-2009 ના ઠરાવમાં દર્શાવેલ અન્ય તમામ શરતો યથાવત રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, એસ. વી. પડધરીયા
ાયબ સચિવ, નાણાં વિભાગ